પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૮૭, કુલ પાના:૪, તારીખ: ૦૪-૧૨-૨૦૨૦ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 87 PRICE :-RS. 1.50 DATE : 04-12-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની ઈચ્છા શક્તિ પર સવાલ ઉઠાવ્યા

માસ્ક ન પહેરનારા પાસેથી સમાજ સેવા: હાઈકોર્ટના આદેશ પર સુપ્રીમનો સ્ટે

ન્યુ દિલ્હી, ગુજરાત હાઈકોર્ટે માસ્ક ન પહેરનારને કોવિડ કોમ્યુનિટી સર્વિસમાં સેવાની સજાના આદેશ અંગે જાહેરનામા માટે રાજ્ય સરકારને કહ્યું હતું. જે સામે ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે. ગુજરાતના સોલિસિટર જનરલે આ મામલે આજે જ સુનાવણી કરવા માટેની સુપ્રીમ કોર્ટમાં વિનંતી કરી હતી. રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટમાં હાઇ કોર્ટનો આદેશ પડકાર્યો છે. આ મામલે ગુજરાત સરકાર માટે મહત્ત્વનાં સમાચાર આવ્યા છે કે, હાલ હાઇકોર્ટનાં આ નિર્ણય પર સુપ્રીમ કોર્ટે સ્ટે લગાવી દીધો છે. હાઇકોર્ટનો ગુજરાત સરકારને નિર્દેશ હતો કે, જેઓ માસ્ક ન પહેરે તેમને કોવિડ કોમ્યુનિટી સર્વિસમાં સેવા કરાવો, આ નિર્ણય પર હાલ સુપ્રીમ કોર્ટે રોક લગાવી છે.

એટલે માસ્ક ન પહેરનારને કોવિડ સેન્ટરમાં સેવા કરાવવાના નિર્ણય પર વધુ સુનાવણી ન થાય ત્યાં સુધી સ્ટે લાવી દેવામાં આવ્યો છે. આ મામલે અર્જન્ટચાર્જમાં સુનવણી કરવા રાજ્ય સરકારની સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી છે. રાજ્ય સરકારની અપીલ પ્રમાણે, કોવિડ સેન્ટરમાં કામગીરી સોંપવી એ ગંભીર બાબત છે. કોવિડ ટાસ્કમાં ટ્રેનિંગ વગર સામાન્ય વ્યક્તિને મોકલી ન શકાય. બેદરકાર પ્રજા જો માસ્ક ન પહેરતી હોય તો ડ્યુટી પર માસ્ક પહેરીને કામ કરાવવું અઘરું છે. ગુજરાત હાઈકોર્ટે માસ્ક વગર પકડાયેલા લોકો સામે આકરું વલણ અપનાવ્યું છે. હાઈકોર્ટે સરકારને આદેશ કર્યો હતો કે, લોકોને કોવિડ કેર સેન્ટરમાં ફરજિયાત પથી ૬ કલાકની સામાજિક સેવા આપવા માટે જાહેરનામું બહાર પાડે અને તાત્કાલિક અમલ કરાવે.

હાઈકોર્ટે અગાઉ જ સરકારને માસ્ક વગર ફરનારા લોકો સામે કડક કાર્યવાહી કરવા જણાવ્યું હતું. દંડ વસુલવા ઉપરાંત તેમની પાસે કોવિડ કેર સેન્ટરમાં સામાજિક સેવા કરાવવા માટે પણ વિકલ્પ અંગે વિચારવા જણાવ્યું હતું. ગુજરાત સરકારે આ હાઈકોર્ટના આ અવલોકન બદલ એવો જવાબ રજૂ કર્યો હતો કે હાલમાં સરકાર કોવિડ સંક્રમણ નિવારવા માટે કામ કરી રહી છે અને તેઓ માસ્ક વગર ફરતા લોકોને કોવિડ કેર સેન્ટરમાં સામાજિક સેવા કરાવવા માટે અસક્ષમ છે. રાજ્ય સરકારના આવા વલણથી નારાજ ગુજરાત હાઈકોર્ટે બુધવારે સરકારને જાહેરનામું બહાર પાડીને માસ્ક વગર ફરતા લોકોને દંડ સાથે ૫-૬ કલાક કોવિડ કેર સેન્ટરમાં કોમ્યુનિટી સેવા કરાવવા આદેશ આપ્યો હતો.

ગુજરાત સરકાર વતી સોલિસીટર જનરલે રજૂઆત કરી હતી. જેમાં તેઓએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, લોકો માસ્ક નથી પહેરતા એ વાત સાચી, પણ હાઈકોર્ટના આદેશને લાગુ કરવો શક્ય નથી. માસ્ક ન પહેરવાથી જે જોખમ છે તેના કરતાં વધુ જોખમ કોવિડ કેર સેન્ટરમાં કામ કરવાથી છે. સ્વયં શિસ્ત ન રાખવી એ આપણા કલ્ચરમાં છે.

સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની ઈચ્છા શક્તિ પર સવાલ ઉઠાવ્યા તો બીજી તરફ, સુપ્રીમ કોર્ટે વધુ એક વાર ગુજરાત સરકારની ઈચ્છા શક્તિ પર સવાલ ઉઠાવ્યા છે. આકરુ વલણ દાખવતા સુપ્રીમ કોર્ટે કહ્યુ કે, નિયમો અને ગાઈડલાઈન છે, પણ તેનું પાલન થાય છે ખરું? એસઓપીનું પાલન કરાવવાની ઈચ્છા શક્તિ સરકારમાં દેખાતી નથી. એટલે જ હાઈકોર્ટે આદેશ કરવો પડ્યો હતો. લગ્ન પ્રસંગ, મેળાવડામાં હજારો લોકો ભેગા થઈ રહ્યા છે, એસઓપીનું પાલન ક્યાં થઈ રહ્યું છે? તમે કહો છો પ્રસંગો યોજવા સરકારની મંજૂરી જરૂરી છે અને સરકાર પ્રેસ કોન્ફરન્સ કરીને કહે છે કે કોઈ મંજૂરીની જરૂર નથી.

ભારતીયો માટે ખુશખબર, H-1Bના નવા નિયમો પર કોર્ટે સ્ટે મૂકી દીધો

વોશિંગ્ટન, અમેરિકાની ટોચની આઈટી કંપનીઓ અને હજારો ભારતીય પ્રોફેશનલો માટે રાહત આપતા અમેરિકન કોર્ટે ટ્રમ્પ વહીવટી તંત્ર દ્વારા પ્રસ્તાવિત એચ-૧બીના નવા નિયમો પર સ્ટે મૂકી દીધો છે.આ પ્રસ્તાવ વિદેશી કર્મચારીઓની નિમણૂંક કરવાની અમેરિકન કંપનીઓની ક્ષમતાને અસર કરતી હતી. એચ-૧બી વિઝા એક નોન ઈમિગ્રેશન વીઝા છે જે અમેરિકન કંપનીઓને વિશેષ વ્યવસાય માટે વિદેશી કર્મચારીઓની નિમણૂક કરવાની મંજૂરી આપે છે. આ વિઝા હેઠળ એવા કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે છે જેમની પાસે સૈદ્ધાંતિક કે ટેકનિકલ જ્ઞાન હોય છે.

સામાન્ય રીતે આ વિઝા ત્રણ વર્ષ માટે આપવામાં આવે છે અને ત્યારબાદ તેને રિન્યુ કરવામાં આવે છે. હાલમાં અમેરિકામાં ૬ લાખ એચ-૧બી વિઝાધારકો છે. જે પૈકી મોટે ભાગે અમેરિકા અને ચીનના છે. ૨૩ પાનાના આદેશમાં નોર્ધન ડિસ્ટ્રિક્ટ ઓફ કેલિફોર્નિયાના યુએસ ડિસ્ટ્રિક્ટ જજ જેફ્રી વ્હાઇટે ટ્રમ્પ વહીવટીતંત્રની એ નીતિ પર સ્ટે મૂકી દીધો છે જેમાં અમેરિકન કંપનીઓને એચ-૧બી વિઝા પર નોકરી પર રાખવામાં આવતા વિદેશી કર્મચારીઓને વધારે પગાર ચૂકવવો પડતો. આ ઉપરાંત આ જજે ટ્રમ્પ વહીવટી તંત્રના વધુ એક નિયમ પર સ્ટે મૂકી દીધો છે જે યુએસ ટેકનોલોજી કંપનીઓ અને અન્ય નોકરીપ્રદાતાઓ એચ-૧બી વિઝાની યોગ્યતાને ઘટાડતો હતો.

આ ચુકાદા પછી ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીનો રોજગાર અને અન્ય મુદ્દા પર સાત ડિસેમ્બરથી અમલમાં આવનાર નિયમ હવે અમાન્ય થઇ ગયો છે. શ્રમ મંત્રાલયનો પગાર અંગેનો આઠ ઓક્ટોબરથી અમલમાં આવેલો નવો નિયમ પણ હવે માન્ય રહેશે નહીં. યુએસ ચેમ્બર્સ ઓફ કોમર્સ, બે એરિયા કાઉન્સિલ અને સ્ટેનફોર્ડ સહિતની યુનિવર્સિટીઓ દ્વારા ટ્રમ્પના એચ-૧બી વિઝા અંગેના નવા નિયમોને અમેરિકાની કોર્ટમાં પડકારવામાં આવ્યા હતાં.

રાજ્યની ૬,૦૦૦ શાળાઓ બંધ કરવાની સરકારની હિલચાલ : કોંગ્રેસ

ગાંધીનગર, ગુજરાતમાં સરકારી શાળાઓમાં ઓછી સંખ્યાના નામે રાજ્ય સરકાર લાંબા સમયથી પ્રથમ સૈધ્ધાંતિક નિર્ણય અને ત્યારબાદ ગ્રામ્ય વિસ્તારમાં શાળાઓને ઓછી સંખ્યાના નામે બંધ કરવાનું મોટાપાયે શરૂ કરી નાખ્યું છે. ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારની ૬,૦૦૦ જેટલી સરકારી શાળાઓ આગામી સમયમાં બંધ કરવા તરફ સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે જેના પરિણામે ગ્રામ્ય વિસ્તારના બાળકોને ખાસ કરીને કન્યા શિક્ષણ પર મોટો ફટકો પડશે.

આદિવાસી વિસ્તારની સ્થિતિ તો અત્યંત નાજુક હોવાનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડો. મનીષ દોષીએ જણાવ્યું છે. તેમણે ગુજરાતના મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી સહિત સક્ષમ સત્તાવાળાઓને ઉદ્દેશીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, ગુજરાતમાં છેલ્લા ઘણા વર્ષોથી સરકારી અને ગ્રાન્ટેડ શૈક્ષણિક સંસ્થાઓને બંધ કરવાની રાજ્ય સરકાર નીતિરીતિ હોય તે રીતે એક પછી એક પગલા ભરી રહી છે. સરકારી અને ગ્રાન્ટેડ શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષકોની નિમણૂંકોમાં અતિ વિલંબ કરવામાં આવે છે.

તેની સાથોસાથ ગ્રાન્ટેડ સંસ્થાઓના માળખાને તોડી નાખવા માટે આ સંસ્થાઓમાં અવસાન, નિવૃતિ સહિત ખાલી પડેલી જગ્યાઓ પર નિમણૂંક અંગે મંજૂરી કે કાર્યવાહી શિક્ષણ વિભાગ કરી રહ્યો નથી. ગ્રાન્ટેડ સંસ્થાઓને ફરજીયાત સેલ્ફ-ફાઈનાન્સ વર્ગો શરૂ કરવા અને ક્રમશઃ ગ્રાન્ટેડ વર્ગો બંધ કરવા આયોજન બધ્ધ રીતે શિક્ષણ વિભાગ દબાણ કરીને શિક્ષણના વેપારીકરણ-ખાનગીકરણને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે.

CM રૂપાણીએ ઓનલાઈન મંજૂરી સીસ્ટમનો પ્રારંભ કરાવ્યો

અમદાવાદ, આજે સીએમ રૂપાણીના હસ્તે ઓડીપીએસનું લોકાર્પણ કરવામાં આવ્યું હવે બાંધકામ માટે હવે રાજ્યમાં મળશે ઓનલાઈન મંજૂરી આપવામાં આવી છે. આજથી ઓફલાઈન મંજૂરી પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી છે અને ઓનલાઈન ડેવલપમેન્ટ પરમીશન સીસ્ટમ ૨.૦ આજથી શરૂ થશે. સીએમ રૂપાણીએ ઓનલાઈન મંજૂરી સીસ્ટમનો પ્રારંભ કરાવ્યો હતો. સીએમ રૂપાણીનું કાર્યક્રમમાં સંબોધન કરતા જણાવ્યું હતુ કે, મારી સરકાર પારદર્શક સરકાર હશે, નિર્ણાયક સરકાર હશે. એટલે કહ્યું હતું હું ૨૦-૨૦ રમવા આવ્યું છું.

જાડી ચામડીવાળી સરકાર નથી પ્રજાની સરકાર છે. સીએમ રૂપાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, ડેવલપમેન્ટ પરમિશન ઓનલાઈન આપનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે.

(અનુ.પાના.નં.૨)

નાટોના વિઝન ૨૦૩૦: ગ્રુપના તમામ દેશોએ મળીને ચીનની વિરુદ્ધ લડાઈ રહેલા મિત્ર દેશોની રક્ષા કરવી જોઈએ.

ચીન આગામી દાયકામાં દુનિયા માટે જોખમી: નાટો

બ્રસેલ્સ, યુરોપીયન અને નોર્થ અમેરિકન દેશોનાં મિલિટરી ગ્રુપ નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (નાટો)એ ચીનને આગામી દાયકામાં દુનિયા માટે જોખમરૂપ ગણાવ્યું છે. નાટોના એક્સપર્ટ ગ્રુપના રિપોર્ટ 'યુનાઈટેડ ફોર અ ન્યુ એરા'માં એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બુધવારે આ રિપોર્ટ જારી કરાયો હતો. નાટોના આ રિપોર્ટમાં ચીનને વિસ્તારવાદી, સત્તા માટે લોકતંત્રને ખુલ્લો પડકાર આપનારો દેશ ગણાવાયો છે. રિપોર્ટમાં જણાવાયું છે કે ચીન ફુલ સ્પેક્ટ્રમ સિસ્ટમેટિક હરીફ છે. ઈકોનોમિક મજબૂતીનો મંજાયેલો ખેલાડી છે. તે એશિયાની સુરક્ષા માટે સૌથી મોટા જોખમરૂપ છે. તેણે પોતાની મિલિટરી પહોંચ એટલાન્ટિક સુધી વધારવાનું શરૂ કર્યું છે. રશિયાની સાથે ચીનના સંબંધ મજબૂત થઈ રહ્યા છે. બંને મળીને લાંબી રેન્જવાળી મિસાઈલો, એરક્રાફ્ટ, એરક્રાફ્ટ કેરિયર, ન્યુક્લિયર એટેક સબમરીન જેવા હથિયારો મોટા પાયે તૈયાર કરી રહ્યા છે.

નાટોના વિઝન ૨૦૩૦માં જણાવાયું છે કે ગ્રુપના તમામ દેશોએ મળીને ચીનની વિરુદ્ધ લડાઈ લડી રહેલા મિત્ર દેશોની રક્ષા કરવી જોઈએ. તેમની સુરક્ષા અને તેમને મજબૂત કરવાનું કામ કરવું જોઈએ. ચીનને એ ખ્યાલ હોવો જોઈએ કે નાટોના મિત્ર દેશોનો તે ફાયદો ન ઉઠાવી શકે. રિપોર્ટમાં એમ પણ કહેવાયું છે કે નાટોની અંદર રાજકીય મતભેદોનો સીધો લાભ રશિયા અને ચીનને મળશે. તેનાથી તે આપણી સુરક્ષા માટે જોખમી બની શકે છે અને આપણને નબળા પાડી શકે છે.

નાટોના રિપોર્ટમાં બીજું શું જણાવાયું છે?

- ★ ચીનનો પ્રભાવ દરેક ક્ષેત્રમાં વધુને વધુ વધતો જાય છે.
- ★ તેણે બેલ્ટ એન્ડ રોડ, પોલર સિલ્ક રોડ, સાઈબર સિલ્ક રોડનો ઝડપથી વિસ્તાર કર્યો છે.
- ★ તે ઝડપથી યુરોપના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કમ્યુનિકેશનનું હસ્તાંતરણ કરી રહ્યું છે.
- ★ ચીન સમગ્ર દુનિયામાં અનેકવાર સાઈબર-અટેક કરી ચૂક્યું છે. બીજા દેશોની ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ચોરી કરી રહ્યું છે.
- ★ ચીન વ્યાપારિક સમાધાનો માટે ખતરો બન્યું છે.
- ★ ચીનની વિરુદ્ધ રહેલા મિત્ર દેશોની રક્ષા કરવી જોઈએ.

અમિત શાહને અમરિન્દર સિંઘે કહ્યું- ખેડૂતોની સમસ્યાનો ઝડપથી ઉકેલ લાવો

ન્યુ દિલ્હી, પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દર સિંઘે ગૃહમંત્રી અમિત શાહને મળી ખેડૂતોની સમસ્યાનો ઝડપથી ઉકેલ લાવવાનું કહ્યું છે. તેનાથી રાષ્ટ્રીય સુરક્ષા પર અસર થઇ રહી છે. છેલ્લા એક સપ્તાહથી દિલ્હી-એનસીઆરમાં ચાલી રહેલા ખેડૂત આંદોલન વચ્ચે ગુરુવારે અમરિન્દર સિંઘે શાહ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત બાદ કેપ્ટને કહ્યું કે અમે આ વિવાદને જલદી ઉકેલ ઇચ્છીએ છીએ. પંજાબના ખેડૂતોના પ્રદર્શનને કારણે રાજ્યથી અર્થવ્યવસ્થા પર પણ અસર પડી રહી છે. સાથે જ રાષ્ટ્રીય સુરક્ષા પર પણ અસર પડતી દેખાઇ રહી છે.

અમે ગૃહમંત્રી સમક્ષ અમારી વાત રજૂ કર દીધી છે. પંજાબના સીએમએ કહ્યું કે સરકાર અમે ખેડૂતો બંનેને વચ્ચેનો માર્ગ

(અનુ.પાના.નં.૨)

કૃષિ કાયદા સામે વિરોધ નોંધાવતા પ્રકાશ સિંહ બાદલે પરત કર્યું પદ્મ વિભૂષણ સન્માન

ન્યુ દિલ્હી, કૃષિ કાયદાઓની વિરોધમાં દેશમાં ખેડૂતો મોટાપાયે આંદોલન કરી રહ્યા છે અને હવે તે વધુ ઉગ્ર બનતું જઈ રહ્યું છે. આ દરમિયાન પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અને અકાલી દળના વરિષ્ઠ નેતા પ્રકાશ સિંહ બાદલે કૃષિ કાયદાઓની વિરોધમાં પોતાનું પદ્મ વિભૂષણ સન્માન પરત કરી દીધું છે. પ્રકાશ સિંહ બાદલે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને લગભગ ત્રણ પાનાના પત્ર લખીને કૃષિ કાયદાઓનો વિરોધ કર્યો, ખેડૂતો પર એક્શનની નિંદા કરી અને તેની સાથે જ પોતાનું સન્માન પરત કર્યું છે. પોતાનો પદ્મ વિભૂષણ સન્માન પરત કરતાં પંજાબના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશ સિંહ બાદલે લખ્યું કે, હું એટલો ગરીબ છું કે ખેડૂતો માટે કુરબાન કરવા માટે મારી પાસે બીજું કંઈ નથી. હું જે પણ છું તે ખેડૂતોના કારણે છું. એવામાં જો ખેડૂતોનું અપમાન થઈ રહ્યું છે તો કોઈ પ્રકાના સન્માન રાખવાનો કોઈ ફાયદો નથી. પ્રકાશ સિંહ બાદલે વધુમાં લખ્યું કે ખેડૂતોની સાથે જે રીતની છેતરપિંડી કરવામાં આવી છે તેનાથી ખૂબ જ દુઃખી છું. ખેડૂતોના આંદોલનને જે રીતે ખોટા દૃષ્ટિકોણથી રજૂ કરવામાં આવી રહી છે, તે દુખદ છે.

જાહેર નિવિદા

કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે

શ્રમ અને રોજગાર ગાંધીનગર વિભાગ હસ્તકની રોજગાર અને તાલીમ ગાંધીનગરના તાબા ખાતેની ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થા જાંબુઘોડા, તા.જાંબુઘોડા, જી.પંચમહાલ ખાતેની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને ફાઈલો/ટપાલો પહોંચાડવાની સેવા સહિતની સમગ્રતયા કામગીરીની*–''કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા'' પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફકત રજી.પો.એ.ડી. થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧–૦૦ થી ૧૫–૦૦ કલાક વચ્ચે તા.૨૬/૧૨/૨૦૨૦ સુધીમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા જાંબુઘોડા તા. જાબુઘોડા, જી.પંચમહાલ કચેરી ખાતેથી અરજી સાથે આચાર્યશ્રી ઔદ્યોગિક તાલીમ સંસ્થા જાંબુઘોડા કચેરીના નામનો રૂા.૧૫૦૦/– નો ડીમાન્ડ ડ્રાફટ સ્વરૂપે (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા.૦૫/૧૨/૨૦૨૦ ના રોજ ૧૪:૦૦ કલાકે ઔદ્યોગિક તાલીમ સંસ્થા જાંબુઘોડા કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુકત અધિકારીને તા.૨૮/૧૨/૨૦૨૦ ના રોજ ૧૬:૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : જાંબુઘોડા
તારીખ : ૦૩/૧૨/૨૦૨૦

આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા જાંબુઘોડા
તા.જાંબુઘોડા, જી.પંચમહાલ

માહિતી/ગોધરા/૫૫૮/૨૦૨૦

જાહેર નિવિદા

કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે

શ્રમ અને રોજગાર ગાંધીનગર વિભાગ હસ્તકની રોજગાર અને તાલીમ ગાંધીનગરના તાબા ખાતેની ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થા અણિયાદ, તા.શહેરા, જી.પંચમહાલ ખાતેની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને ફાઈલો/ટપાલો પહોંચાડવાની સેવા સહિતની સમગ્રતયા કામચીરીની*– ''કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા'' પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફકત રજી.પો.એ.ડી. થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧–૦૦ થી ૧૩–૦૦ કલાક વચ્ચે તા. ૨૬/૧૨/૨૦૨૦ સુધીમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા અણિયાદ, તા.શહેરા, જી.પંચમહાલ કચેરી ખાતેથી અરજી સાથે આચાર્યશ્રી ઔદ્યોગિક તાલીમ સંસ્થા જાબુઘોડા કચેરીના નામનો રૂા.૧૫૦૦/– નો ડીમાન્ડ ડ્રાફટ સ્વરૂપે (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા.૦૪/૧૨/૨૦૨૦ ના રોજ ૧૪:૦૦ કલાકે ઔદ્યોગિક તાલીમ સંસ્થા અણીયાદ કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુકત અધિકારીને તા.૨૮/૧૨/૨૦૨૦ ના રોજ ૧૬:૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : અણિયાદ
તારીખ : ૦૧/૧૨/૨૦૨૦

આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા અણિયાદ
તા.શહેરા, જી.પંચમહાલ

માહિતી/ગોધરા/૫૫૫/૨૦૨૦

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આર. આર. પટેલ

મુ. ચાંદપુર, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એસ. યુ. પટેલ

મુ. ગાજીપુરા, તા. મોરવા(હ)

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

મહીસાગર જિલ્લામાં આજે ૧૩ પોઝિટિવ કેસ :

જિલ્લામાં કોરોનાના કુલ ૧૭૩૯ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાના ૦૩ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૩-૧૨-૨૦૨૦ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૭૩૯ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૩ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ વિરપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૫૧૬ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૯૦૮૩૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૭૫ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૨ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૩૯ દર્દી હોમ આઈસોલેશન, ૦૭ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૪ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૮ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૬૯ દર્દીઓ સ્ટેબલ, ૧૦ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૧ દર્દી વેન્ટીલેટર પર છે.

મહિસાગર જીલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા ઈન્ટરનેશનલ એડોપ્શન માસ ની વેબિનાર દ્વારા ઉજવણી કરવામાં આવી

લુણાવાડા, નવેમ્બર માસને ઈન્ટરનેશનલ એડોપ્શન માસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. જે અનુસંધાને મહીસાગર જીલ્લા બાળ સુરક્ષા ટીમ દ્વારા કોવીડ-૧૯ ની ગાઈડ લાઈનને ધ્યાનમાં રાખી સરકારના નિયમોનું પાલન કરી ICDS તાલુકા પંચાયત દ્વારા તલાટી કમ મંત્રી અને પ્રાથમિક શિક્ષણ કચેરી દ્વારા તમામ બી.આર.સી ને દત્તક પ્રક્રિયા તથા બાળકોના કાયદા અને યોજનાઓની વેબિનાર દ્વારા માહિતી આપી ઉજવણી કરવામાં આવી હતી.

વેબિનારના માધ્યમથી તમામ છ તાલુકાની ગ્રામ્ય બાળ સુરક્ષા સમિતિના સરપંચ અને તલાટી કમ મંત્રીઓને દત્તક કાયદાની તથા તેની ઓનલાઈન પ્રક્રિયાની અને તેમાં જોઈતા પુરાવા અંગેની વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી. ત્યાર બાદ બાળકોના કાયદા જેવા કે કિશોર ન્યાય અધિનિયમ ૨૦૧૫, જાતીય સતામણી વિરૂધ્ધ રક્ષણ આપતો કાયદો -૨૦૧૨, બાળ લગ્ન કાયદો -૨૦૦૬, બાળ મજુરી કાયદો તથા ફરજીયાત શિક્ષણનો કાયદો અને બાળકોના હિત અર્થ ચાલતી યોજનાઓ જેવી કે પાલક માતા - પિતા યોજના, સ્પોન્સરશીપ યોજના, ફોસ્ટર કેર યોજના, શેરો પોઝીટીવ ઈલનેસ શિષ્યવૃત્તિ જેવી યોજના વિશે વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી હતી.

આજ માસની ઉજવણીના ભાગ રૂપે ફેસબુક લાઈવ સેમીનારનું આયોજન રોજગાર કચેરી અને જીલ્લા બાળ સુરક્ષા એકમના સહિયારા પ્રયત્નોથી યોજવામાં આવ્યો હતો. જેમાં પણ ઘણા યુવાનો જોડાયા અને બાળકોના કાયદા અને યોજનાઓ વિશે માહિતી મેળવી હતી. સમગ્ર ઉજવણીનું આયોજન જિલ્લા બાળ સુરક્ષા અધિકારીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

સરકારને સહકાર આપી સમાજને સ્વસ્થ બનાવવા આપણું કર્તવ્ય નિભાવીએ

લુણાવાડા, ''વીજળીને ચમકારે મોતીડાં પરોવો રે પાનબાઇ, નહિતર અચાનક અંધારા થાશે જી'' ગંગાસતી - પાનબાઈના આ ભજનમાં ઘોર અંધકારના સમયમાં માત્ર વીજળીના ચમકારામાં જ મોતીડા પરોવવાની વાત કરવામાં આવી છે. તેમ પ્રવર્તમાન કોરોનાની વૈશ્વિક મહામારીના ઘોર અંધકારના સમયમાં આપણે સૌએ ભયભીત થયા વગર તેની સામે લડવાનું છે. જો વિજળીના ચમકારામાં મોતીડા પરોવી શકાતા હોય, તો શું કોરોના સામે લડી ન શકાય ? આનો જવાબ આપણા સૌ પાસે છે અને તે છે માસ્ક, સેનેટાઈઝર અને સોશિયલ ડિસ્ટન્સ. કોરોના સંક્રમણથી જો આપણે બચવું હોય તો, આપણી આસપાસ રહેતા લોકોને કોરોનાગ્રસ્ત થતાં રોકવા હોય તો એક માત્ર ઈલાજ છે કે, આપણે માસ્ક પહેરીએ, સામાજીક અંતર જાળવીએ. આ ઉપરાંત જો કોરોનાના કોઈ પણ લક્ષણ જોવા મળે તો આપણે નિર્ભય થઈને કોરોનાના ટેસ્ટ કરાવવો જોઈએ, ઘણા લોકો એવું માનતા હોય છે કે, આપણે ટેસ્ટ ન કરાવીએ તો શું ? કદાચ આ લોકો એવું માનતા હશે કે મારી રોગપ્રતિકારક શક્તિ વધારે છે તો હું કોરોનાથી બચી શકીશ પણ પરિવારજનો કદાચ એનાથી બચી નહી શકે. અને જો આપણે સમયસર ટેસ્ટ કરાવીને સારવાર લઈશું તો સંપૂર્ણપણે બચી જઈશું. ટેસ્ટ કરાવવામાં આપણો ફાયદો જ છે. આપણી આસપાસના લોકો સંક્રમિત થતાં નથી અને સ્વંય આપણે પણ સમયસર નિદાન મેળવી કોરોનામુક્ત થઈ શકીએ છીએ.

કોરોના રોગ અંગેની આ જાગૃતતા જ આપણને અને આપણી આસપાસના લોકોને કોરોનાના સંક્રમણથી બચાવશે. આપણા સ્વાસ્થ્ય માટે રાત-દિવસ કાર્યરત એવા તબીબો, આરોગ્યકર્મીઓ અને સરકારને સહકાર આપી કોરોના અંગેની જાગૃતતા કેળવી સમાજને સ્વસ્થથ બનાવવા આપણું કર્તવ્ય નિભાવીએ અને જો આપણે આટલું કરીશું તો અવશ્ય હારશે કોરોના, જીતશે ગુજરાત''.

તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા તાલુકાની MGVCL હસ્તક આવેલ હતી. વીજ પોલ ઉપર વનસ્પતિનું સામ્રાજ્ય જાણે રાવણની જેમ ફલે ફુલે છે. વીજ તંત્ર દ્વારા અવારનવાર ઉપદ્રવિ વનસ્પતિને નિકાલ કરવા માટે કામગીરી કરવા છતાં આજે રાવણની જેમ ફાલે ફૂલેલી વનસ્પતિના નિકાલ માટે માંગણી કરવા છતાં તેમ છતાં નિકાલ નહીં આવતા આજે રાવણની જેમ ફાલે ફુલે છે.

બાલાસિનોરના રૈયોલીનો ડાયનાસોર પાર્ક ૧૫ મી સુધી બંધ

બાલાસીનોર, વર્તમાન સમયમાં નોવેલ કોરોના વાયરસ Covid-૧૯ બાલાસિનોર નગરપાલિકા વિસ્તાર અને તાલુકા વિસ્તારોમાં સંક્રમણ વધતું જતું હોવાથી તાલુકામાં કોરોના વાયરસનો ફેલાવો ન થાય અને વધુ માણસો ભેગા ના થાય તે હેતુસર જિલ્લા કલેકટરની સૂચના અન્વયે તારીખ ૧૫ મી ડિસેમ્બર ૨૦૨૦ સુધી બાલાસિનોર તાલુકાનામાં આવેલ ડાયનાસોર ફોસિલ પાર્ક મ્યુઝિયમ બંધ રાખવા તેમજ બીજી સૂચના ન મળે ત્યાં સુધી સદર જાહેર સ્થળો ખુલ્લાં ન રાખવા બાલાસિનોર મામલતદાર તરફથી જાણ કરવામાં આવી છે.

મોદી સરકારે 'કિસાન સૂર્યોદય યોજના લૉન્ચ કરી

ગાંધીનગર, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના ખેડૂતો માટે લાભદાયી એવી 'કિસાન સૂર્યોદન યોજના લૉન્ચ કરી છે. ગુજરાતના ખેડૂતોને દિવસ દરમ્યાન જ આખું વરસ વીજળી મળી રહે તેવી કિસાન સૂર્યોદય યોજના ત્રણ વર્ષમાં અમલમાં મૂકવાની તૈયારી ગુજરાત સરકારે કરી છે. આ યોજના અંતર્ગત સરકાર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે રાજયમાં એક સમય હતો જ્યારે ખેડૂતોને રાત્રિના અંધકારમાં ખેતરોમાં જવું પડતું હતું, ત્યારે તે રાત્રિ દરમિયાન જ વીજળી મળતી જેથી પિયત માટે જંગલી જનાવરના ડર વચ્ચે ખેડૂતોને જવા મજબૂર બનવું પડતું હતું. નોંધનીય છે કે આ મામલે કેન્દ્રમાં ભાજપની સરકારે નિર્ધાર કર્યો અને ખેડૂત લક્ષી યોજનાની જાહેરાત કરી હતી, જેમાં આ યોજનાથી ગુજરાતના ખેડૂતોને રાત્રે નહીં પરંતુ દિવસ દરમિયાન પણ પૂરતી વીજળી મળી રહે, આ માટે અને એટલા માટે જ ગુજરાતમાં રૂપિયા ૩૫૦૦ કરોડના ખર્ચે લાગૂ કરી છે. ગુજરાતમાં કિસાન સૂર્યોદય યોજના અંગે પીએમ મોદીએ કહ્યું હતું કે કિસાન સૂર્યોદય યોજના ખેડૂતોના જીવનમાં માત્ર નવી સવાર જ નહી લાવે, પરંતુ તેમના માટે સુખ-સમૃદ્ધી પણ લાવશે. આ યોજના અંતર્ગત વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ખેડૂતોની આવક બેગણી કરવા માટે અને તેમનો ખર્ચો ઓછો કરવા માટે આપણે સતત પ્રયત્ન કરતા રહેવું પડશે.આપણા ગુજરાતની વાત કરીએ તો દાહોદ, જુનાગઢ અને ગિર-સોમનાથના ૧૫૭૦ ગામોના ધરતીપુત્રોને પ્રથમ તબક્કે આ કિસાન સૂર્યોદય યોજના તળે આવરી લેવાશે. નોંધપાત્ર છે કે વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં ૧૭૫ ગીગાવોટ બિનપરંપરાગત ઊર્જા ઉત્પાદન ક્ષમતા પ્રસ્થાપિત કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવ્યો છે. જેમાં ૧૦૦ ગીગાવોટ સૌર ઊર્જાનો તથા ૭૫ ગીગાવોટ ૭૫૦૦૦ મેગાવોટ પવન ઊર્જાનો સમાવેશ છે. જૂનાગઢ અમરેલી ગીર સોમનાથ જિલ્લામાં સિંહ દીપડા સહિતના વન્યપ્રાણીઓ વસવાટ કરે છે.

(પાન નં.૧ નું ચાલુ)

CM રૂપાણીએ ઓનલાઈન....

ભાજપ સરકાર વિકાસની રાજનીતિ કરે છે. સમગ્ર દેશમાં વિકાસની રાજનીતિ પ્રસ્થાપિત કરી છે. દરેક માણસને પોતાના ઘરનું સ્વપ્ન હોય છે. પ્લાન પાસ કરાવવા માટે ચપ્પલના તળિયા ઘસાઈ જાય છે. ટેબલે ટેબલે લોકોએ ભાઈ સાહેબ કરવું પડે છે. હવે ૨૪ કલાકમાં ફાઈનલ મંજૂરી મળશે. હવે પ્લાનની મંજૂરી માટે પૈસા નહી આપવા પડે.

વધુમાં મુખ્યમંત્રીએ કહ્યું કે કોરોના સંક્રમણને નાથવા પૂરતો પ્રયાસ ચાલું છે. તેમજ રિકવરી રેટ સારો છે અને મૃત્યુઆંક ઘટી રહ્યો છે. જેમા ગુજરાતની જનતાએ પૂરો સહકાર આપ્યો છે. આ સિવાય કેટલાક નેતાઓ કોવિડ ગાઈડ લાઈનનું પાલન કરતા નથી જેને લઈને પણ સીએમ રૂપાણીએ પ્રતિક્રિયા આપી હતી. નિયમો તોડતા નેતાઓ મુદ્દે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે દરેક વ્યક્તિએ નિયમનું પાલન કરવું જોઈએ. નિયમ તોડતા નેતાઓ સામે ગંભીર પગલાં લેવામાં આવે છે.

અમિત શાહને અમરિન્દર સિંઘે કહ્યું.....

શોધી કાઢવાની અપીલ કરી છે. અકાલી દળના આરોપો અંગે તેમણે બોલવાનો ઈનકાર કરી દીધો. નોંધનીય છે કે કેન્દ્રના ત્રણ કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલન ચાલી રહ્યું છે. તેનું નેતૃત્વ પંજાબ જ કરી રહ્યું છે. ત્યાંના આશરે ૫૦ ખેડૂત સંગઠન દિલ્હી, હરિયાણાની સરહદો પર ડટેલા છે. હવે તેમને ધીમે-ધીમે ગુજરાત, યુપી, દિલ્હી અને હરિયાણાના ખેડૂતોનું સમર્થન પણ મળવા લાગ્યું છે.

દરમિયાન ખેડૂત આંદોલનમાં માર્યા ગયેલા ખેડૂતો ગુરજંત સિંઘ અને ગુપરબચન સિંઘના પરિવારોને ૫-૫ લાખ રુપિયાની સહાય આપનવાની કેપ્ટન અમરિન્દર સિંઘે જાહેરાત કરી છે. કેપ્ટન અમરિન્દર સિંઘ સતત કેન્દ્ર સરકારને કહી રહ્યા છે કે તે ખેડૂતો સાથે વાત કરી આ આંદોલનને ખતમ કરાવે. પંજાબ દેશમાં એક એવું રાજ્ય છે, જેણે સૌથી પહેલાં કેન્દ્રના ત્રણ કાયદા સામે વિધાનસભામાં બિલ પાસ કર્યું છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૯૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૦૪-૧૨-૨૦૨૦, ગુરૂવાર, નિજ કારતક વદ-૪, સૂર્યોદય-૭-૧૨, સૂર્યાસ્ત-૬-૦૦, જૈન નવકારશી-૮-૦૦, આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્ર: પુનર્વસુ

સૂર્ય-કુંભ ચંદ્ર-કર્ક મંગળ-ધન બુધ-કુંભ ગુરૂ-ધન શુક્ર-મેષ શનિ-મકર રાહુ-મિથુન કેતુ-ધન હર્ષલ-મેષ નેપ્ચ્યુન-કુંભ પ્લુટો-મકર	- શુભ ચોઘડીયા - અભિજીત-૧૨-૧૬થી ૧૨-૫૯ સુધી, ૭-૧૩ થી ચલ-લાભ-અમૃત-૧૧-૧૬ સુધી, ૧૨-૩૭થી શુભ-૧૩-૫૮ સુધી, ૧૬-૪૦થી ચલ-૧૮-૦૧ સુધી, ૨૧-૧૯થી લાભ-૨૨-૫૮ સુધી - શુભ હોરા- ૭-૧૩ થી ૯-૫૫ સુધી, ૧૦-૪૯થી ૧૧-૪૩ સુધી, ૧૩-૩૧થી ૧૬-૧૩ સુધી, ૧૭-૦૭થી ૧૮-૦૧ સુધી

દૈનિક રાશીફળ

તા.૦૪.૧૨.૨૦૨૦ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.):- સ્વાસ્થ્યમાં સુધારો થાય. નોકરીમાં પ્રમોશનના ચાન્સ. વેપારમાં નવુ મુડીરોકાણ ન કરવું.

વૃષભ(બ.વ.ઉ.):- ધાર્મિક યાત્રા પ્રવાસમાં સફળતા રહે. સંતાનોને નોકરી મેળવવામાં કોઈની મદદ મલવાની.

મિથુન(ક.છ.ઘ.):- આળસ વૃત્તિથી દૂર રહેજો નવું આયોજન સફળ થાય ભૌતિક સુખનો લગાવ વધવાનો.

કર્ક(ડ.હ.):- મુશ્કેલ લાગતુ કાર્ય આસાન થાય નિકટતા સાથીઓને સમજવાથી લાભ રહેવાનો.

સિંહ(મ.ટ.):- વ્યકિતત્વનો લાભ મલવાનો છે. માતુશ્રીનો સહકાર રહે. વિજાતીય આકર્ષણ વધવાનું નોકરીમાં ચીવટ જરૂરી.

કન્યા(પ.ઠ.ણ.):- જુના કર્જને લઈને ટેન્શન રહેવાનું આત્મવિશ્વાસ વધારવો - ઉધારી ધંધાર્થી દૂર રહેજો.

તુલા(ર.ત.):- ન ધારેલા લાભની આશા ફળવાની રાજકીય રીતે કોઈ લાભની આશા

વૃશ્ચિક (ન.ય.):- કારણવગરના વિચારોને ટાળવા નવી નોકરીની ઓફર બાબત કોઈ ઉતાવળ ન કરવી.

ધન (ભ.ધ.ફ.ઢ.):- સામાજીક કાર્યોમાં સફળતા મલવાની કર્જ કરવાથી દૂર રહેજો ચમત્કારની અપેક્ષા ન રાખવી.

મકર (ખ.જ.):- સંતાનોની પ્રગતિ માટે અનુકુળતા વાળો સમય રહેવાનો. કાનૂની પ્રશ્નોમાં સફળતા વિદેશથી લાભ.

કુંભ(ગ.શ.સ.):- મિત્રોનો સહકાર સારો રહેવાનો છે. પાર્ટીનું આયોજન થાય. સગાઈ લગ્નના કાર્યોમાં સફળતા.

મીન(દ.ચ.ઝ.):- આવકનું પ્રમાણ જળવાઈ રહેવાનું વેપારમાં નવા ભાગીદારોનો સહકાર રહે. ઉધારાથી દૂર રહેજો.

કોરોના કહેર : અમેરિકામાં રેકોર્ડ ડેથ, એક દિવસમાં ૨૯૫૭ લોકોનાં મૃત્યુ

વોશિંગ્ટન, વિશ્વમાં કોરોનાના દર્દીઓનો આંકડો ૬.૪૮ કરોડને પાર પહોંચી ગયો છે. ૪ કરોડ ૪૯ લાખથી વધુ લોકો સાજા થઈ ગયા છે. અત્યારસુધીમાં ૧૪ લાખ ૯૮ હજારથી વધુ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. અમેરિકામાં એપ્રિલ પછી વધુ એક વખત એક દિવસમાં ૨૯૫૭ લોકોનાં મૃત્યુ થયાં છે. ફ્રાન્સના પૂર્વ રાષ્ટ્રપતિ વેલેરી ગિસકાર્ડ ડિઅસ્ટેંગનું સંક્રમણથી નિધન થઈ ગયું છે. તેઓ ૯૪ વર્ષના હતા. ઈન્ટરપોલે તમામ દેશોને ચેતવણી આપી છે, એમાં નકલી વેક્સિનથી પણ સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે. ફ્રાન્સના પૂર્વ રાષ્ટ્રપતિ વેલેરી ગિસકાર્ડ ડિએસ્ટેંગનું કોરોના વાઈરસથી સંક્રમિત થયા પછી નિધન થયું છે. ૯૪ વર્ષના વેલેરી યુરોપીય દેશોને એક કરવા માટે જાણીતા છે. અમેરિકામાં બુધવારે સંક્રમણથી ૨ હજાર ૯૫૭ લોકોનાં મોત થયાં છે. જોન હોપકિન્સ યુનિવર્સિટીના જણાવ્યા મુજબ, એ ૧૫ એપ્રિલ પછી એક જ દિવસમાં થનારાં સૌથી વધુ મૃત્યુ છે. ૧૫ એપ્રિલે એક દિવસમાં કુલ ૨ હજાર ૬૦૭ લોકોનાં મોત થયાં હતાં.

ઈન્ટરપોલે બુધવારે રાતે એક ગ્લોબલ એલર્ટ બહાર પાડ્યું છે. એમાં તમામ દેશોને કહેવામાં આવ્યું છે કે કોવિડ-૧૯ના સમયમાં કેટલાક લોકો સંગઠિત અપરાધમાં સામેલ થઈ રહ્યા છે અને તેઓ નકલી કોરોના વેક્સિન સપ્લાઈ કરી શકે છે. પેરિસ મુખ્યાલયમાંથી બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં એજન્સીએ કહ્યું હતું કે તેણે આ અંગે ૧૯૪ દેશને એલર્ટ કર્યા છે. એમાં કહેવામાં આવ્યું છે કે લોકો સુધી નકલી વેક્સિન ન પહોંચે એની તકેદારી રાખવામાં આવે.

બ્રાઝિલ કોવિડ-૧૯ને રોકવા માટે કોવિડ વેક્સિનના ઈમર્જન્સી યુઝને મંજૂરી આપે તેવી શકયતા છે. દેશના હેલ્થ રેગ્યુલેટર અનવિસાએ બુધવારે આ માહિતી આપી છે. અનવિસાએ કહ્યું હતું કે તે આ અંગે તમામ સરકારી એજન્સીઓ અને હેલ્થ મિનિસ્ટ્રીના સંપર્કમાં છે. એજન્સીએ કહ્યું હતું- અમે હાલ તમામ કેસ પર નજર રાખી રહ્યા છે અને અમારા ત્યાં વેક્સિનની ટ્રાયલ્સ પણ અંતિમ તબક્કામાં છે. જોકે અમારી પાસે અત્યારસુધીમાં અપ્રૂવલની કોઈ અરજી આવી નથી.

દેશમાં દર્દીઓની સંખ્યા ૯૫ લાખને પાર, ૨૪ કલાકમાં નોંધાયા ૩૫,૫૫૧ કેસ

ન્યુ દિલ્હી, ભારતમાં કોરોનાથી સંક્રમિત થનારા લોકોની સંખ્યા ૯૫ લાખના આંકને આંબી ગઈ છે. બીજી તરફ કોવિડ સામેની જંગ હારીને જીવ ગુમાવનારા દર્દીઓની સંખ્યા ૧,૩૮,૬૪૮એ પહોંચી ગઈ છે. ગુરૂવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૫,૫૫૧ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૫૨૬ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૯૫,૩૪,૯૬૫ થઈ ગઈ છે. દેશમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૮૯ લાખ ૭૩ હજાર ૩૭૩ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૪૦,૭૨૬ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૪,૨૨,૯૪૩ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૩૮,૬૪૮ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ બુધવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૨ ડિસેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૧૪,૩૫,૫૭,૬૪૭ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, બુધવારના ૨૪ કલાકમાં ૧૧,૧૧,૬૯૮ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

જાન્યુઆરીમાં આવી શકે છે કોરોના વેક્સીનઃ એમ્સ ડોકટર ગુલેરિયા

ન્યુ દિલ્હી, બ્રિટનમાં કોરોના રસી ફાઈઝરના ઈમરજન્સી ઉપયોગની મંજૂરી મળી ગઈ છે અને આવતા સપ્તાહથી ઉપલબ્ધ થશે. આ બધાની વચ્ચે ભારતમાં પણ ડિસેમ્બરના અંત સુધીમાં કે આવતા વર્ષની શરૂઆતના મહિનામાં દેશી રસીને મંજૂરી મળવાની આશા છે. એમ્સના ડાયરેક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યું કે તેમને આશા છે કે આ મહિનાના અંતથી લઈ આવતા મહિનાની શરૂઆતમાં કોવિડ-૧૯ વેક્સીનની ઈમરજન્સી માટે ઉપયોગની મંજૂરી મળી શકે છે. તેમણે કહ્યું કે આપણી પાસે એવી વેકસીન છે જે ટ્રાયલના અંતિમ તબક્કામાં છે. એવી અપેક્ષા છે કે ભારતીય નિયમનકાર તેના ઈમરજન્સી ઉપયોગને મંજૂરી આપી દેશે. ત્યારબાદ અમે લોકોને રસી આપવાનું શરૂ કરી દઈશું. તેમણે કહ્યું, 'આ રસી સુરક્ષિત છે તે સાબિત કરવા અમારી પાસે વધુ ડેટા છે કે આ રસી સલામત છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

દાહોદ નગર પાલિકાના તત્કાલીન ચીફ ઓફિસરે મળતીયાઓ સાથે મળી કરોડો રૂપીયાની ગ્રાન્ટ સગેવગે કરી

- તત્કાલન સી.ઓ. દ્વારા કરોડો રૂપીયાનો ભ્રષ્ટ્રાચાર કર્યાનું ખુલતાં ખળભળાટ.
- નગર પાલિકાના કૌભાંડની ઉચ્ચસ્તરીય તપાસની માંગ.
- ચીફ ઓફિસરે ટેન્ડરીંગ વગર કરોડોની ગ્રાન્ટ બારોબાર ફાળવી.

દાહોદ, દાહોદ નગર પાલિકાની ટર્મ ગત મહિનામાં પુરી થઇ જવા પામી છે.ત્યારે કોરોના મહામારીને ધ્યાને લઇ ચૂંટણીપંચ દ્વારા પાલિકાની ચૂંટણી મુલ્તવી રાખી છે. ત્યારે આગામી ત્રણથી ચાર મહિના દરમિયાન દાહોદ નગરપાલિકાની ચૂંટણી યોજાવવાની છે.જોકે પાલિકાની ટર્મ પૂર્ણ થાય ત્યાં સુધી પાલિકામાં વહીવટદાર નીમવાની તજવીજ હાલ ચાલી રહી છે.આ બધા પ્રવર્તમાન સંજોગોની વચ્ચે દાહોદ નગરપાલિકાના તત્કાલિન ચીફ ઓફિસરે પોતાના મળતીયા જોડે સાઠગાઢ કરી એક શાખાની અધધકરોડો રૂપિયાની ગ્રાન્ટ કોઈપણ જાતના ટેન્ડર પ્રક્રિયા કર્યા વગર બારોબાર સગેવગે કરી સરકારી તિજોરીને ચૂનો ચોપડી કરોડો રૂપિયાનો ભ્રષ્ટ્યાચાર કર્યો હોવાની વાતો સપાટી પર આવતા પાલિકા સહીત સમગ્ર દાહોદ શહેરમાં ખળભળાટ મચી જવા પામી છે. જોકે આ મામલે દાહોદના કેટલાક જાગૃત નાગરિકો દ્વારા ઉચ્ચસ્તરીય તપાસ માટે લેખિતમાં રજૂઆતો તેમજ માહિતી માંગી હોવાનું ઘસ્ફોટક થતાં પાલિકાતંત્રમાં ભૂકંપ આવી જવા પામ્યો છે. ત્યારે પાલિકાતંત્રમાં આ મામલે છૂપો ગણગણાટ પણ સાંભળવા મળી રહ્યો છે.

ઉગતા સૂર્યના પ્રવેશદાર તેમજ રાજસ્થાન–મધ્ય પ્રદેશની ત્રિભેટે આવેલા આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લાને કેન્દ્ર સરકાર દ્વારા મહત્વાકાંશી જિલ્લામાં સામેલ કર્યો છે. તેમજ હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાહોદને અમીદ્રષ્ટિ તેમજ દાહોદ પ્રત્યે વિશેષ લાગણીને ધ્યાને લઈ કેન્દ્ર સરકારના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ સ્માર્ટ સિટીમાં સમગ્ર દેશમાંથી એક માત્ર દાહોદ શહેરને સામેલ કર્યો છે.અને સમાર્ટસીટી અંતર્ગત દાહોદ શહેરને સુંદર અને મોડેલ ટાઉન બનાવવા માટે કરોડો રૂપિયાની લ્હાણી પણ કરી છે. ત્યારે રાજ્યની રૂપાણી સરકારે પણ વડાપ્રધાન મોદીના લાગણી તેમજ અમી દ્રષ્ટિને ધ્યાને લઈ વિવિધ યોજનાઓ અંતર્ગત દાહોદ નગરપાલિકા અને કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે. સરકારની મહત્વકાંક્ષી સ્માર્ટ સીટી પરિયોજના અંતર્ગત હાલ દાહોદ શહેરમાં રસ્તા, પાણીની પાઇપલાઇન, સીવેજ પાઇપ લાઇન,ભૂગર્ભ ગટર યોજના, ગેસ પાઇપ લાઇન સહિતના કેટલાક પ્રોજેક્ટ ઉપર દાહોદ શહેરમાં વિકાસ કાર્યો પુરજોશમાં ચાલી રહ્યા છે. તે એક સારી બાબત છે.પરંતુ આ બધા પ્રોજેક્ટની વચ્ચે દાહોદ નગર પાલિકાના તત્કાલીન ચીફ ઓફિસરે પોતાના કેટલાક મળતીયાઓ જોડે સાંઢગાઢ કરી એક શાખાની અધધ કહી શકાય તેવી કરોડો રૂપિયાની ગ્રાન્ટ બીજી શાખામાં કોઈપણ જાતના ટેન્ડરિંગ કર્યા વગર એક જ ટેન્ડર ધારકને ફાળવી કરોડો રૂપિયાનો ભ્રષ્ટ્યાચાર આદરી સરકારી તિજોરીને ચૂનો ચોપડ્યા હોવાની વિસ્ફોટક માહિતી સપાટી પર આવતા નગરપાલિકા તંત્ર સહિત દાહોદ શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ચીફ ઓફિસર દ્વારા ટેન્ડરિંગ કર્યા વિના કરોડો રૂપિયાની ગ્રાન્ટો બારોબાર ફાળવી દીધી હોવાની વાતો પાલિકા તંત્રના અંગત કર્મચારીઓ અથવા કોઈક અન્ય સ્ત્રોત દ્વારા દાહોદના કેટલાક જાગૃત નાગરિક સુધી પહોંચતા જાગૃત નાગરિકોએ આ મામલે તટસ્થ અને નિષ્પક્ષ તપાસ થાય તે માટે ઉચ્ચસ્તરીય તપાસ કરવા માટે લેખિત રજૂઆતો તેમજ માહિતી માગી લેતા પાલિકા તંત્ર સહિત શાસક પક્ષમાં સોપો પડી ગયો છે.ત્યારે આ મામલે આગામી સમયમાં જાગૃત નાગરિકો દ્વારા કરેલ રજૂઆતોને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા આગામી સમયમાં પાલિકામાં થયેલ વ્યવહારોની સચિવ કક્ષાની તપાસ આવવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ત્યારે પાલિકામાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટ્યાચાર થયો હોવાની વિસ્ફોટક માહિતી લીક થતા નગરપાલિકાના સુધરાઈ સભ્યોમાં પણ છૂપો ગણગણાટ જોવા મળી રહ્યો છે. ત્યારે આવનારા સમયમાં પાલિકા તંત્રમાં આ મામલે કેવો માહોલ જામે છે તે જોવું રહ્યું.ત્યારે આ મામલે આગામી સમયમાં સમાચાર માધ્યમોમાં પણ ચીફ ઓફિસર દ્વારા દાહોદ નગર પાલિકામાં કરેલ ગોલમાલ અંગે વિસ્ફોટક માહિતી સાથે આગામી સમયમાં બહાર પડશે તેમાં કોઈ બેમત નથી.

દાહોદ પરેલ વિસ્તારમાંથી દેશી બનાવટની પિસ્તોલ સાથે પોલીસે ઝડપ્યો

દાહોદ, દાહોદ શહેરના પરેલ વિસ્તારમાંથી એક ઈસમ પાસેથી પોલીસે એક દેશી હાથ બનાવટની માઉઝર પિસ્તોલ સાથે એકટીવા ગાડી મળી કુલ રૂ.૩૦,૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યાનું જાણવા મળે છે. દાહોદ તાલુકાના ભીલવાડા ગામે તળાવ ફળિયામાં રહેતો વિનોદભાઈ છત્રસિંહ ગણાવા ગતરોજ પોતાની સાથે એક દેશી હાથ બનાવટની માઉઝર પિસ્તોલ લઈ એક્ટીવા પર સવાર થઈ દાહોદ શહેરમાં આવેલ પરેલ વિસ્તારના રેલવે ફાટક નજીકથી પસાર થઈ રહ્યો હતો આ અંગેની બાતમી દાહોદ એલસીબીને હતા તેઓ ત્યાં વોચ ગોઠવી ઉભા હતા તે સમયે આ વિનોદભાઈ ત્યાંથી પસાર થતાંની સાથે જ પોલીસે તેને ઝડપી પાડી તેની પાસેથી એક દેશી હાથ બનાવટની માઉઝર પિસ્તોલ,એક મોબાઈલ તેમજ એકટીવા ની કિંમત મળી કુલ રૂપિયા ૩૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આ વિનોદભાઈ વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદના ખુંખાર આરોપી દિલીપ દેવળએ રતલામના પરિવારના ૩ સભ્યોને મોતને ઘાટ ઉતારી ફરાર

- આરોપી દિલીપ દેવળે હત્યાના ગુનામાં આજીવન સજા કાપતો હતો.
- બે વર્ષથી પેરોલ જમ્પ કરી ફરાર થયો હતો.
- પોલીસે વોન્ટેડ આરોપીને પકડવામાં ઢીલ રાખી.

દાહોદ, મધ્યપ્રદેશના રતલામમાં દાહોદના ખુખાંર એવા દિલીપ દેવળે એકજ પરિવારના ૩ સદસ્યોને મોતને ઘાટ ઉતાર્યા બાદ તેને ફરાર થઈ ગયો છે અને તેના સાગરીનો રતલામ પોલીસે દબોલી લીધાની ઘટના બાદ સમગ્ર કેસ દાહોદ જિલ્લા પોલીસની કામગીરી ઉપર શંકાની સોઈ ઉઠવા પામી છે. જે તે સમયે દિલીપ દેવળ દાહોદની જેલમાં સજા ભોગવી રહ્યો હતો અને પેરોલ ફ્લો પર છુટ્યા બાદ ફરાર થઈ ગયાની ઘટના બાદ જો દાહોદ જિલ્લા પોલીસ આ ખુંખાર દિલીપ દેવળની શોખધોળ આદરી તેને તાત્કાલિક તે સમયે પકડી લેતી તો આજે આ રતલામના આ પરિવાર સાથે આ ઘટના ન બની હોત. સમગ્ર ઘટનામાં ક્યાંકને ક્યાંક દાહોદ જિલ્લા પોલીસની જે તે સમયની બેદરકારી પણ જવાબદાર હોવાની ભારે ચર્ચાઓએ જોર પકડ્યું છે.

લુંટને અંજામ આપવામાં અને કોઈને પણ મોતને ઘાટ ઉતારવાની ખુંખાર માનસીકતા ધરાવતો દિલીપ દેવળ ફરાર છે. દિલીપ દેવળને વહેલી તકે પકડી પાડવામાં આવે તો ભવિષ્યમાં અનેક ગુન્હાઓ બનતાં પણ અટકાવી શકાય તેમ છે. હાલ દિલીપ દેવળ ક્યાં હશે? અને હવે ક્યાં માસુમ પરિવારને લુંટી લેવાની અને મોતને ઘાટ ઉતારવાની પ્લાનીંગ કરતો હશે? તે વિચારવું અતિ મુશ્કેલ સાબિત થઈ રહ્યું છે. મધ્યપ્રદેશના રતલામમાં બનેલ ઘટનાને પગલે દાહોદ જિલ્લા પોલીસ પણ એકક્ષણે સ્તબ્ધ થઈ ગઈ છે. રતલામ પોલીસ દ્વારા તો હાલ રતલામ સહિત બીજા જિલ્લાઓમાં દિલીપ દેવળને પકડી પાડવાના ધમપછાડાઓ કરી જ રહી છે. આ સાતે દાહોદ જિલ્લા પોલીસ પણ જિલ્લામાં સતત કોમ્બીંગ હાથ ધરી દિલીપ દેવળ સુધી પહોંચવાનું પગેરૂ શોધી રહી છે પરંતુ અહીં પ્રશ્ન એ ઉદ્ભવે છે કે, દિલીપ દેવળ બે વર્ષ અગાઉ દાહોદની જેલમાં આજીવન કારાવાસની સજા ભોગવી રહ્યો હતો અને તે સમયે તે પેરોલ પરથી ફરાર થઈ જતાં આજદિન સુધી દાહોદ જિલ્લા પોલીસ તેને પકડી પાડવામાં સક્ષમ નીવડી ન હતી. દિલીપ દેવળ જ્યારથી દાહોદમાંથી ફરાર થયો ત્યારથી લગભગ તેને મધ્યપ્રદેશના રતલામમાં આશરો લઈ બોગસ આધાર કાર્ડ સાથે અને નામ બદલી રહેતો હોવાનું ખુલાસો થયો છે. આ સાથે જ રતલામમાં તેણે અને તેના સાગરીતોએ રેંકી કરી એક પરિવારના ઘરે લુંટને અંજામ આપી પરિવારના ૩ સદસ્યોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ સમગ્ર પ્રકરણમાં જે તે સમયે દિલીપ દેવળ દાહોદમાંથી ફરાર થયો તે સમયે જ જો દાહોદ જિલ્લા પોલીસ આ આરોપીના ભુતકાળને ધ્યાનમાં રાખી અને પ્રજાલક્ષી નિર્ણયો સાથે પોતાની ફરજ બજાવી આળસ ખંખેરી આ દિલીપ દેવળને શોધી કાઢવાની કોશીષ કરતી તો આજે આ રતલામનો પરિવાર બચી જતો પરંતુ જાણે દાહોદ જિલ્લા પોલીસે પોતાની ફરજોમાં નિષ્કાળજી દાખવી હોય તેમ સ્પષ્ટ પ્રતિત થઈ રહ્યું છે. હવે દિલીપ દેવળ ક્યાં હશે ? અને હવે કંઈ જગ્યાએ આવા ગુન્હાઓને અંજામ આપશ? તેના પ્લાનીંગ પહેલા જ પોલીસ તેને ઝડપી પાડે તે અતિઆવશ્યક છે જેથી બીજો કોઈ નિર્દોષ પરિવાર તેની લુંટનો ભોગ ન બને અને જીવ ન ગુમાવે. જાણવા મળ્યા પ્રમાણે રતલામવાસીઓ હાલ પણ આ દિલીપ દેવળના જનધ્ય કૃત્યથી ફફડી રહી છે અને ભયના માહોલ વચ્ચે જીવી રહી છે.

ફતેપુરાના લીમડીયા ગામે પથ્થરની ખાણ માંથી મૃતદેહ મળ્યો

ફતેપુરા, ફતેપુરાના લીમડીયા ગામના એક યુવકની બુધવારના રોજ પથ્થરની ખાણમાંથી લાશ મળી આવી હતી.જેમાં તપાસ દરમિયાન ગામનો જ હોવાનું જણાવ્યું હતું.ફતેપુરા પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ફતેપુરા લીંબડીયા ગામ ના માનજી ભાઈ જોતી ભાઈ ગરાસીયા બુધવારના રોજ બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા તે દરમિયાન ગામના એક ઈસમ સામે આવીને જણાવ્યું હતું કે ગામમાં પથ્થરની ખાણમાં એક ઈસમની લાશ પડી છે ચાલો આપણે જોવા જઈએ તેમ જાણ થતાં માનજીભાઈ ગામના આગેવાનોને સાથે લઈને લીમડીયા ગામે આવેલી ખાણ પર ગયા હતા ત્યાં ખાણ માં લાશ પડેલી જોવા મળી હતી સદર લાશ માનજીભાઈ એ જોતા તેમને તેમનો ભાઈ લાલસીંગ ભાઈ હોવાનું માલુમ પડ્યું હતું. લાશને બહાર પાડતાં ગળામાં તેમજ કપાળના ભાગે ઈજાના નિશાન જોવા મળ્યા હતા લોહી પણ નીકળતું હોવાનું જોવા મળતા અનેક શંકાઓ જન્મી હતી તેમજ લાલસીંગ ની પત્ની પાંચેક વર્ષથી બાળકો સાથે પિયરમાં રહેતી હોવાથી લાલસીંગ દારૂની લતે ચડ્યો હોવાનું ફરિયાદમાં નોંધાવ્યું હતું જેથી માનજી ભાઈ એ ફતેપુરા પોલીસને જાણ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દે.બારીઆના વકીલ દ્વારા સોશ્યલ મીડીયા ઉપર પોસ્ટ મુકતા કોંગ્રેસના નેતા એ ગાળો આપતાં ફરિયાદ

દે.બારીઆ, દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરમાં વ્યવસાયે વકીલ અને અખીલ ભારતીય કોળી સમાજના દેવગઢ બારીઆના પ્રમુખ એવા અને દાહોદ જિલ્લા ભારતીય જનતા પક્ષના મંત્રીના પતિ દ્વારા સોશીયલ મિડીયાના ફેસબુક માધ્યમ પર પોસ્ટ મુકતાં આ પોસ્ટથી અકળાયેલા ૨૦૧૭માં દેવગઢ બારીઆ વિધાન સભા – ૧૩૪ના નેશનલ કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર રહી ચુકેલ શખ્શ દ્વારા વકીલને ફોન કરી બેફામ ગાળો બોલી, મારી નાંખવાની ધાકધમકીઓ આપતાં વકીલે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવ્યાનું સામે આવતાં દાહોદ જિલ્લાના રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

નિર્મણસિંહ ઉર્ફે નિલેશભાઈ ફુલસીંગભાઈ ચૌહાણ (રહે.ટાવર શેરી,દેવગઢ બારીઆ) જે વ્યવસાયે વકીલ અને અખીલ ભારતીય કોળી સમાજના દેવગઢ બારીઆના પ્રમુખ હોય અને તેમની પત્નિ ગીતાબેન દાહોદ જિલ્લા ભારતીય જનતા પક્ષના મંત્રી છે. આ નિર્મણસિંહ દ્વારા આજરોજ પોતાના શોસિયલ મીડિયાના માધ્યમના ફેસબુક ઉપર એક પોસ્ટ મુકી હતી અને આ પોસ્ટ જોતાની સાથે જ ભારતભાઈ પ્રતાપભાઈ વાખળા (રહે.લખણાચોજીયા, તા.ધાનપુર,જિ.દાહોદ) દ્વારા પોતાના મોબાઈલથી નિર્મણસિંહના મોબાઈલ ફોન પર ફોન કર્યો હતો અને કહેલા લાગેલ કે, ફેસબુક ઉપર પોસ્ટ કેમ મુકી? ભાજપનું નામ લખને, તને કોંગ્રેસનો ભ્રષ્ટ્યાચાર દેખાય છે, તું માપમાં રહે, મજા નહીં આવે, જેથી નિર્મણસિંહે કહેલ કે, સાચી હકીકત લખી છે, જેમાં ધાનપુર તાલુકાના કોંગ્રેસના નેતાએ પોતે ખરીદેલ અનાજનો મોટો જથ્થો સરકારમાં ટેકાના ભાવે વેચવાનું કૌંભાંડ કરેલ છે અને સાચા ખેડુતોને અન્યાય થઈ રહેલો છે, જેથી આ ભારતભાઈ વાખળા એકદમ ઉશ્કેરાયો હતો અને નિર્મણસિંહને બેફામ ગાળો બોલી મારી નાંખવાની ધાકધમકીઓ આપી હતી.

આ ધાકધમકીના પગલે નિર્મણસિંહ ચૌહાણ દ્વારા ભારતભાઈ વાખળા વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દે.બારીઆના એક વેપારીને ઓછા ભાવે લોખંડ આપવાની લાલચે ભાવનગરના બે ગઠીયા ૪.૬૩ લાખનો ચુનો લગાડી ફરાર

દે.બારીઆ, બજારભાવ કરતા ઓછા ભાવ લોખંડના સળીયા તથા પતરા ખરીદવાની લાલચમાં દે.બારીયાના એક વેપારીએ એડવાન્સમા પૈસા મોકલી આપ્યા છતા ભાવનગરના બે ગઠીયાઓએ માલ ના મોકલી તેમજ આપેલ પૈસા પરત ન આપી ૪.૬૩ લાખ રૂપિયાનો ચુનો લગાવ્યાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર દે.બારીયા નગરમાં ધાનપુર રોડ પર રહેતા અને પદ્માવતી સેલ્સ એજન્સી નામની સીમેન્ટ, પતરા તથા લોખંડના સળીયાની દુકાન ચલાવતા અમરબાબુ ચંદનબાબુ જૈનને દલાલીનુ કામ કરતા ભાવનગરના સિહોર ગામના શૈલષભાઈ વેદાણીએ તમો ભાવનગરની કરણ એસોસીએટમાંથી લોખંડની ખરીદી કરો તો બજાર ભાવ કરતા એક કિલોએ ૧ રૂપિયો ૨૦ પૈસા ઓછા ભાવે મળશે તેવી વાત કરતા અમરબાબુ જૈને કરણ એસોસીએટના માલીક આશીષભાઈને વાત કરતા આશિષભાઈએ એડવાન્સ પૈસા જમા કરવા તો જ બજાર ભાવ કરતા ઓછા ભાવ મળશે તેવી વાત કરતા અને વિશ્વાસ અને ભરોસો આપતા અમરબાબુ જૈને લોખંડના સળીયાની એક ગાડીનો ૨૯.૭.૨૦૧૯ના રોજ ઓર્ડર આપી એડવાન્સ પેટ રૂા.૪,૬૩,૫૪૬ જમા કરાવ્યા હતા. પરંતુ શૈલેષભાઈ વેદાણી નામના દલાલ તથા કરણ એસોસીએટના માલિક આશિષભાઈ એકબીજાના મેળપીપણાથી દે.બારીયાના પદ્માવતી સેલ એજન્સીના માલિક અમરબાબુ જૈન સાથે વિશ્વાસઘાત કરી એક ગાડી સીમેન્ટના સળીયા નહી મોકલી છેતરપીંડી કરતી. ત્યાર બાદ અમરબાબુ જૈન એડવાન્સ પેટે આપેલ પૈસાની માંગણી અવાર નવાર કર્યા છતા તે પૈસા પરત ન આપતા આ સંબંધે દે.બારીયા પદ્માવતી સેલ્સ એજન્સીના માલીક અમરબાબુ ચંદનબાબુ જૈન નોંધાવેલ ફરીયાદના આધારે દે.બારીયા પોલીસ ભાવનગરના દલાલ શૈલેષભાઈ વેદાણી તથા કરણ એસોસીએટના માલિક આશીષભાઈ વિરૂધ્ધ વિશ્વાસઘાત, છેતરપીંડીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દે.બારીઆ પંથકમાં કુલ ગુલાબી ઠંડીનો બીક્કી પગે પગ પેસારો

તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ, દે.બારીઆ શહેર તથા પંથકમાં કુલ ગુલાબી ઠંડીનો રાત્રીથી સવાર સુધી જોવા મળે છે. રાત્રીમા આંટા મારતા લોકો દેખવા મળી રહ્યા છે. સવારે મોર્નિંગ વોકમાં પણ જતા હોય છે. શિયાળાની રાત્રી લાંબી ૧૪ કલાકની હોય જેથી યુવાનો રાત્રીમાં તાપણા કરીને ટાઈમ પસાર કરે છે અને ગરમ કપડાંમાં સ્વેટર, કાન ટોપી, મફલર જે આગલા વર્ષના છે તેને પીટારા માંથી કાઢીને ઉપયોગ કરી રહ્યા છે.

આમ, તો દે.બારીઆ પંથકમાં ત્રણ ઋતુઓમાં અહેસાસ સરખો જોવા મળે છે. ગરમી, વરસાદ તથા ઠંડી પણ વધારો જોવા મળી રહ્યો છે. ડીસેમ્બર થી ફેબ્રુઆરીના અંત સુધી દિવસના ચાર કલાક થી ઠંડીનો ચમકારો થવા માંડે છે. ચાલી વર્ષનો અનુભવ થઈ રહ્યો છે. જેથી ગરમ કપડાંના પથારવાળા વેપારીઓ પીપલોદ રોડ સાઈડ ઉપર ધામા નાખી ચૂકયા છે. તેમનો વેપાર પણ સારો થાય છે. બજારમાં કચરીયું તેમજ તેલનું વેચાણમાં વધારો થયો છે. બસ સ્ટેન્ડના બજાર સવારે વહેલો ખુલે છે. જ્યારે સર્કલ બજાર સવારે નવ વાગે ખુલે છે. ગામડે થી આવતા દુધના વેપારીઓ પણ ઠંડીના કારણે મોડા પડે છે. કોરોના કારણે સ્કુલોના શિક્ષકોને લેટર છે. તેમને પણ નવ વાગે સવારની પાળીમાં રાહત છે. ૫૦ ટકા શિક્ષકો બાર કલાકે સુધી ભાગ્યે જ જોવા મળે છે. સરકારી ઓફિસોમાં ૧૨ વાગ્યા બાદ ચહલ પહલ દેખવા મળતી હોય છે. સરકારી બાબુઓ હેડકવાટર્સ છોડી પોતાના વતન માંથી આવી નોકરી કરતા હોય છે. તે ઠંડીમાં આવું જ ચાલતું રહેવાનું છે. તે આપણા મહાન ભારતની ખાસીયત છે.

તસ્વીર : શૈલેષ ભુરીયા, ઝાલોદ

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકા માં સબ જેમાં ૫૭ કેદી અને ૩ કર્મચારીઓનું રેપીટ ટેસ્ટ કરવામાં આવ્યું તમામ નેગેટિવ આવ્યા. ઝાલોદ તાલુકામાં કોરોનાનું એકા એક વધારો થતાં આજ રોજ ઝાલોદ પ્રાંત અધિકારી અને તાલુકા આરોગ્ય અધિકારી ની સુચના થી ઝાલોદ સબ જેમાં ૫૭ કેદી અને ૩ કર્મચારીઓનું રેપીટ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા હતા જે બધા નેગેટિવ આવ્યા હતા.

દે.બારીઆની ૩૦ વર્ષીય મહિલાનું બળજબરી અપહરણ કરી મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરતા ફરિયાદ

દે.બારીઆ, દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકામાં રહેતી એક ૩૦ વર્ષીય મહિલાને એક ઈસમ દ્વારા બળજબરીપૂર્વક તેમજ મારી નાંખવાની ધમકી આપી બોલેરો ગાડીમાં બેસાડી લઈ પાવાગઢ તેમજ સુરત મુકામે જુદી–જુદી જગ્યાએ લઈ જઈ મહિલાની મરજી વિરૂદ્ધ છેલ્લા બે મહિનાથી બળાત્કાર ગુજારતા અને આખરે યુવકના તાબા હેઠળ થી છૂટી પોતાના ઘરે આવી દેવગઢ બારીયા પોલીસ મથકે યુવક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

દેવગઢ બારિયા તાલુકાના રામા ગામે ડાયરા ફળિયામાં રહેતો ભાવસિંગ ભાઈ રત્નાભાઈ ડાયરા દ્વારા તારીખ ૨૪મી સપ્ટેમ્બર ના રોજ દેવગઢ બારીયા તાલુકામાં રહેતી ૩૦ વર્ષીય મહિલા જે સમયે ખેતરમાં કામ કરી રહી હતી તે સમયે આ ભાવસિંગ ભાઈ પોતાની બોલેરો ગાડી લઈ મહિલા પાસે આવ્યો હતો અને કહેવા લાગેલા કે, તને લઈ જવી છે અને પત્ની તરીકે રાખવી છે, તારા છુટાછેડા મારા કાકાના દીકરા અશ્વિનભાઈ સાથે થઈ ગયેલ છે. તો તું ચાલ મારી સાથે તેમ કહી મહિલા પાસે આવી તેનો હાથ પકડી બળજબરીપૂર્વક મહિલાને બોલેરો ગાડીમાં બેસાડી કહેવા લાગેલા કે જો તું ગાડીમાંથી ઉતરી તો તને મારી નાખીશ તેથી ધાકધમકીઓ આપી મહિલાને ગાડીમાં બેસાડી હતી અને તેને પાવાગઢ ની બાજુમાં આવેલ કોઈક ગામ તરફ લઈ જઈ રમણભાઈ નામના ઘરે લઈ ગયો હતો અને અમે મજૂરી કામ માટે આવ્યા છીએ તેમ જણાવ્યું હતું અને ત્યાં રૂમ રાખી હતી. આ ગામમાં પણ મહિલા ની મરજી વિરૂદ્ધ ભાવસિંગભાઈ દ્વારા બળજબરીપૂર્વક બળાત્કાર ગુજાર્યો હતો અને ત્યારબાદ તેને સુરત મુકામે પણ લઈ ગયો હતો અને ત્યાં પણ બળાત્કાર ગુજાર્યો હતો છેલ્લા બે મહિનાના સમયગાળા દરમિયાન પાશવી બળાત્કાર નો ભોગ બનેલ મહિલા આખરે ઉપરોક્ત ભાવસિંગ ભાઈ ના તાબા હેઠળ થી છૂટી દેવગઢ બારીયા તાલુકામાં પોતાના ઘરે આવી સમગ્ર ઘટનાની જાણ પોતાના પરિવારજનો દ્વારા તેને દેવગઢ બારીયા પોલીસ મથકે આવી આ સંબંધે બળાત્કારનો ભોગ બનેલ ૩૦ વર્ષીય મહિલા દ્વારા ઉપરોક્ત યુવક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુરત ONGC બ્લાસ્ટ: પ્રદૂષણ બદલ GPCBએ ૧ કરોડનો દંડ ફટકાર્યો

સુરત, હજીરા સ્થિત ઓએનજીસી કંપનીની પાઈપ લાઈનમાં અઢી મહિના પહેલા થયેલા બ્લાસ્ટના કારણે વાતાવરણમાં પ્રદૂષણ ફેલાવવા બદલ જીપીસીબીએ ઓએનજીસીને વળતર પેટે રૂપિયા ૧ કરોડનો દંડ કર્યો છે. આ રકમ તેમણે સરકારી ખાતામાં જમા કરાવવાની રહેશે.

હજીરા વિસ્તારની ઓનએનજીસીમાં ગત ૨૪-૯-૨૦૨૦ ના રોજ પાઈપલાઈનમાં વિસ્ફોટ થયો હતો. ૧૦ કિ.મી સુધી તે સંભળાયો હતો. આ મુદે કાંઠા વિસ્તાર પરિવર્તન ટ્રસ્ટે કેન્દ્રીય પર્યાવરણ પર્યાવરણ મંત્રાલય, જિલ્લા કલેકટર, જીપીસીબી તથા કેન્દ્રીય પ્રદુષણ બોર્ડમાં ફરિયાદ કરી હતી કે વિસ્ફોટથી પર્યાવરણમાં ઝેરી ગેસ જેવા કે સલ્ફર, નાઈટ્રોજન, અશુદ્વિઓ વાતાવરણમાં ફેલાઈ ગઈ હતી. તેમજ શોકવેવના કારણે લોકોના ઘરના કાચને પણ નુકસાન થયુ હતુ.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 87

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

ડોર ટુ ડોર કલેકશનની કામગીરીમાં વિવાદની વચ્ચે

ગોધરા નગર પાલિકાને આર્થિક નુકશાન : લાયકાત એજન્સીઓને બાકાત

ગોધરા,

ગોધરા નગર પાલિકાની ડોર ટુ ડોર કલકેશન કામગીરી માટે ખાનગી એજન્સીઓને કામગીરી સોપવામા આવી રહી છે. મુદત પૂર્ણ થતાં નવા ટેન્ડર માંગવામા આવતાં ૭ એજન્સીઓ વચ્ચે સ્પર્ધા હતી. તમામ માપદંડ પાસ કરવા છતાં જુની એજન્સીને રીપીટ કરવા સામે અનેક પ્રશ્નાર્થ સર્જાયા છે. ડોર ટુ ડોર કલેકશનની કામગીરીના વિવાદ વચ્ચે પાલિકાને આર્થિક નુકશાન પહોંચ્યું છે. અને લાયકાત એજન્સીને નકારવામાં આવતાં અનેક પ્રશ્નાર્થ વચ્ચે તપાસનો વિષય બન્યો છે.

સુરતની દરબાર વેસ્ટ કોર્પોરેશન દ્વારા જણાવ્યું હતું કે, આ પ્રક્રિયા ટેન્ડર પ્રક્રિયામાં " એલ –૧ " રહેલ હોવા છતાં, આજદિન સુધીને વર્ક ઓર્ડર આપવામાં આવેલ નથી. વધુમાં જણાવ્યું હતું કે ગોધરા નગર સેવાસદનના ચીફ ઓફીસરના નિયમ વિરૂધ્ધની ભ્રષ્ટ રીત – રસમો અપનાવી રહેલ છે. જે દેખીતી રીતે સુપ્રિમ કોર્ટે ઠરાવ્યા મુજબ ભ્રષ્ટાચારની પરિભાષામાં હકીકતોથી પ્રસ્થાપિત થાય છે.

ચીફ ઓફીસરએ ટેન્ડર પ્રક્રિયામાં વખતો વખત અરજદાર " એલ –૧ " રહેલ હોવા છતાં, વર્ક ઓર્ડર આપેલ નથી, અને એકયા બીજા કારણોસર મનસ્વી રીતે અપનાવી નવેસરથી ટેન્ડર ઈન્વાઈટ કરેલ છે, તેમાં "એલ –૧ " રહેલ હોવા છતા અમોને વર્ક ઓર્ડર આપવામાં આવેલ નથી અને હાલ જે એજન્સી કામગીરી કરી રહેલ છે, તેના ભાવ અરજદાર કરતાં ઉચા હોવા છતાં, તેઓની સમય અવધી કોઈપણ કારણ વગર લંબાવી ગોધરા નગર સેવાસદનને આર્થિક નુકસાન પહોંચડેલ છે, જે ભ્રષ્ટ રીત – રસમ છે. તેના માટે ચીફ ઓફીસર, ગોધરા સ્વયં સંપુર્ણ જવાબદાર છે.

પાલિકા ને આર્થિક નુકશાન પહોંચ્યું

અરજદારને ગોધરા નગર સેવાસદન તેઓએ પ્રસિદ્ધ કરેલ ડોર ટુ ડોર કચરા કલેકશનમાં અરજદાર ' ' એલ –૧ " રહેલ હોઈ, તાકીદે વર્ક ઓર્ડર આપે તેવો ઘટતો હુકમ થવા અરજ છે. અરજદારને વર્ક ઓર્ડર નહીં આપી, અગાઉની એજન્સીની સમય અવધી લંબાવવા માટે ચીફ ઓફીસર, ગોધરા તથા જે જવાબદાર જણાઈ આવે તે સામે ખાતાકીય કાર્યવાહી કરી, તેઓની જવાબદારી ઠેરવી, તેઓ વિરૂધ્ધ ખાતાકીય રાહે ઘટતા પગલાં ભરવા તથા નગર સેવાસદનને થયેલ નુકસાનીની રકમ અંગે તપાસ કરી, તે રકમ ચીફ ઓફીસર, ગોધરા તથા જવાબદાર પાસેથી વસુલવા તાકીદે ઘટતી કાર્યવાહી થવા નમ્ર અરજ છે .

બાજ યોગ્ય અને વ્યાજબી દાદ આપશોજી.

સુરતની દરબાર વેસ્ટ કોર્પોરેશને કરેલી રજુઆત

અરજદારનાઓએ રજુ કરેલ ટેન્ડરમાં ડોર ટુ ડોર કચરા કલેકશન માટે વપરાતા વાહનો એજન્સીએ પોતાના વાહન વાપરવા. વિકલ્પ જો નગર સેવાસદનના વાહન વપરાય તો, અગાઉના ટેન્ડરમાં પ્રતિવાહન દીઠ એક દિવસના રૂા. ૪૦૦/- ઠરાવેલ. તે રકમમાં મનસ્વી ઘટાડો કરી ત્યારપછી પ્રસિધ્ધ કરવામાં આવેલ બીજા ટેન્ડરમાં પ્રતિવાહન દીઠ એક દિવસના રૂા . 300 / - નકકી કરેલ અને ત્યારપછી ત્રીજા પ્રસિદ્ધ કરેલ ટેન્ડરમાં એક વાહનના ૧ દિવસના રૂા. ૧૫૦ / - નકકી કરેલ. આમ, વાહનનું ૧ દિવસનું ભાડુ નકકી કરવા અંગે કોઈ આધાર મેળવવામાં આવેલ નથી અને મનસ્વી રીતે ભાડાની રકમમાં ફેરફાર કરવામાં આવેલ છે, જે ભ્રષ્ટ રીત - રસમ છે. જેનાથી ગોધરા નગર સેવાસદનને આર્થિક નુકસાન થઈ રહેલ છે.

દેખીતો ભ્રષ્ટાચાર કર્યો

ગોધરા નગર સેવાસદનમાં ટેન્ડર ઈન્વાઈટ કર્યા અગાઉ ડોર ટુ ડોર કચરા કલેકશન માટે જે એજન્સી છેલ્લા ૪ વર્ષથી કામ કરી રહેલ છે, તેના ભાવ અરજદારના ભાવ કરતાં ઘણા ઉચા છે. વળી તેઓ પાસેથી ગોધરા નગર સેવાસદને વાહનનું કોઈ ભાડુ પણ વસુલેલ નથી, વસુલ કરવા ઠરાવેલ નથી અને અરજદાર ટેન્ડરમાં " એલ -૧ " રહેલ હોવા છતાં અને નગર પાલીકા, ગોધરાને ટેન્ડર શરતમાં ઠરાવ્યા મુજબ પ્રતિવાહન દીઠ ભાડુ ચુકવવા રાજી હોવા છતાં, વર્ક ઓર્ડર આપવામાં આવેલ નથી અને અગાઉની એજન્સીની સમય અવધી દર માસે કોઈપણ જાતના વ્યાજબી કારણ, શરતો વગર રીન્યુ કરી ચીફ ઓફીસર, ગોધરાનાઓએ દેખીતો ભ્રષ્ટાચાર કરેલ છે. નગર સેવા સદનને ઘણું આર્થિક નુકસાન પહોંચાડેલ છે. જેની તપાસ થઈ તે રકમ તેઓ પાસેથી રીકવર થવા પાત્ર છે.

કર્મચારીઓ વિરૂદ્ધ ખાતાકીય તપાસ કરવી

વર્ક ટુ ડુ બઝિનેશને સર્વોચ્ચ અદાલતે બંધારણીય અધિકાર જણાવેલ છે અને અરજદાર ગોધરા સેવાસદને પ્રસિધ્ધ કરેલ ટેન્ડરમાં બે - બે વખત " એલ -૧ " રહેલ હોવા છતાં વર્ક ઓર્ડર આપવામાં આવેલ નથી. જેથી વ્યવસાય કરવામાં અરજદારના બંધારણીય અધિકારને દેખીશું. નુકસાન થઈ રહેલ છે અને રી ગણતરી મુજબ નગર માસિક સેવાસદન કુલ રૂા.૨,૪૦,૬૮૨ /-પુરા આર્થિક નુકસાન થઈ રહેલ છે. અરજદારને વર્ક ઓર્ડર નહીં આપવા પાછળનો હેતુ અગાઉની એજન્સીને કારણ વગર ઉચા ભાવથી કાર્યરત રાખી, આર્થિક લાભ પ્રાપ્ત કરવાનો અને નગર સેવાસદનને નુકસાન પહોંચાડવાનો સ્પષ્ટ પ્રસ્થાપિત થાય છે. જે સબબ ખાતાકીય રાહે પગલાં લઈ આવા ભ્રષ્ટ રીત - રસમ અપનાવતા અધિકારી, કર્મચારી વિરૂધ્ધ ખાતાકીય કાર્યવાહી કરી, નગર સેવાસદનને થયેલ નુકસાન તેઓ પાસેથી વસુલવા ઉદાહરણરૂપ કાર્યવાહી કરવાને પાત્ર છે, જેથી હાલની અરજી કરવાની જરૂર પડેલ છે.

વધુ ભાવ છતા વર્ક ઓર્ડર કેમ અમાન્ય ?

ગોધરા નગર પાલિકા દ્વારા હાલ ચાલી હેલા ડોર ટુ ડોર કચરા કલેકશન ટેન્ડરની અવધી પૂર્ણ વધી છે. તે છતાં નગર પાલિકા તંત્ર દ્વારા ચાલી રહેલ ડોર ટુ ડોર કલેકશન ટેન્ડરને બંધ કરવામાં આવ્યું અને તેની સામે ૭ એજન્સી દ્વારા આ કામ માટે ટેન્ડર ભરવામાં આવ્યાહતા. તે છતાં ટેન્ડર પ્રક્રિયામાં માત્ર એક જ ટેન્ડર ધારકો એ ઓછા ભાવ પત્રક હોવા છતાં નગર પાલિકા દ્વારા તેને ટેન્ડર નથી આપવામાં કેમ આવતું તે સવાલો નગર પાલિકાના સભ્યો કરી રહ્યા છે.

પંચમહાલ જિલ્લામાં વિશ્વ દિવ્યાંગ દિન નિમિત્તે ઉજવણી કરાઈ

ગોધરા,

આજે વિશ્વ દિવ્યાંગ દિનની ઉજવણી નિમિત્તે પંચમહાલ જિલ્લામાં સમાજ સુરક્ષા વિભાગ દ્વારા ગૂગલ મીટના માધ્યમથી એક વેબિનાર યોજવામાં આવ્યો હતો. દિવ્યાંગ ભાઈ–બહેનો, શિક્ષકો, દિવ્યાંગો માટે કામ કરતી એન.જી.ઓ. તથા જાગૃત નાગરિકો સાથે ઓનલાઈન પરિસંવાદ યોજવામાં આવ્યો હતો તેમજ દિવ્યાંગોને માટે કલ્યાણકારી યોજનાઓની માહિતી પણ આપવામાં આવી હતી. આ નિમિત્તે ગાંધી સ્પેશ્યલ બહેરા–મૂંગા શાળાના વિદ્યાર્થીઓ માટે એક ઓનલાઈન ચિત્રસ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થીઓને તેમની કૃતિઓના સર્જન બદલ સન્માનિત કરી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. વેબિનારમાં દિવ્યાંગો માટેની તમામ યોજનાઓની અને કાયદાકીય માહિતી આપવામાં આવી હતી તેમજ દિવ્યાંગ ભાઈ–બહેનોના આ અંગેના પ્રશ્નોનું સમાધાન પણ કરવામાં આવ્યું હતું. વેબિનારમાં કોરોના મહામારી અન્વયે માસ્ક પહેરવા તથા સામાજિક દૂરી જાળવવા, વારંવાર હાથ ધોવા સહિતના સલામતીના પગલાઓ અંગે પણ વાત કરવામાં આવી હતી. આ ઉપરાંત, જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી સાથેના સંકલનથી દિવ્યાંગ ભાઈ–બહેનોને જિલ્લામાં ચાલી રહેલ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા અને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. વિશ્વ દિવ્યાંગ દિન નિમિત્તે મોરવા હડફ અને આસપાસના ગ્રામીણ વિસ્તારમાં રીક્ષા ફેરવી માઈક દ્વારા યોજનાકીય પ્રચાર–પ્રસાર કરવામાં આવ્યો. જેમાં મોટી સંખ્યામાં દિવ્યાંગ ભાઈ–બહેનોને યોજનાકીય પત્રિકાઓ વહેંચવામાં આવી હતી.

પંચમહાલ જીલ્લાના ૨૯ જેટલા આદિવાસી ખેડુતોની હકક પત્રકની માટે ૪૦ વર્ષ સુનાવણી હાથ ધરાઈ

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ૨૯ જેટલા જંગલની જમીન ખેડુત આદિવાસી ખેડુતોના હકકપત્રો મેળવવાની સુનાવણી જીલ્લા કલકેટર કચેરી ખાતે યોજાઈ હતી. અપીલ માહિતી દ્વારા ૪૦ વર્ષ બાદ યોજવામાં આવેલ હકકપત્ર માટેની સુનાવણીમાં ખેડુતો માસેથી જમીનના પુરાવા માંગવામાં આવ્યા હતાં.

ગુજરાત સરકાર દ્વારા આદિવાસીઓ તેમજ નવવાસીઓનું જીવન ધોરણ ઉંચુ લાવવા માટે અનેક યોજનાઓ જાહેર કરવામાં આવી છે. જ્યારે બીજી તરફ સરકારની અગાઉના કાયદા મુજબ ખેડ તેની જમીન અંતર્ગત જંગલ અને અન્ય જમીન વર્ષોથી ખેડુત લોકોને સરકાર દ્વારા જમીનના હકકપત્રક આપવાની જાહેરાત કરી હતી. તે મુજબ સરકારી જાહેર કાર્યક્રમોમાં જંગલની જમીન ખેડતા અનેક આદિવાસી ખેડુતોને જમીનના હકક પત્રક આપવા જાહેરાત કરવામાં આવી છે. પરંતુ પંચમહાલ જીલ્લાના આદિવાસી જંગલની જમીન ખેડુતોને હકકપત્રો આપવામાં આવ્યા નથી. જીલ્લાના ગોધરા અને શહેરાના ૧૦૦ જેટલા ખેડુતો ૪૦ વર્ષથી પોતાની જમીનના હકકપત્રો મેળવવા માટે સરકારી કચેરીઓમાં આંટા મારતા જોવા મળે છે. પંચમહાલ જીલ્લામાં જંગલ જમીન વર્ષોથી ખેડુત હોય તેવા ખેડુતોના હકકપત્રકો માટેની ૪૦ વર્ષથી માંગણી કરી રહ્યા છે. ત્યારે આવા ખેડુતોને ૪૦ વર્ષના ગાળામાં માત્ર બે વખત સાંભળવામાં આવ્યા છે. ખેડુતો દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે પૂર્વજો વખતથી જંગલની જમીન ખેડતા આવ્યા છે અને આ બાબતના પુરાવા અનેક વખત સરકારી કચેરીઓમાં આપવામાં આવ્યા છે. તેમ છતાં વહીવટી તંત્ર દ્વારા નિયમો બહારની ત્રુટીઓ કાઢીને જમીનના હકક પત્રકો આપવાથી દુર રાખવામાં આવે છે. તેવા આક્ષેપો ખેડુતો દ્વારા કરાઈ રહ્યા છે.

પંચમહાલ જીલ્લામાં આજે ૨૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૩૧૧ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૬ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૬ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૩૧૧ થવા પામ્યો છે. તેમાં ગોધરામાં–૧૩, ગોધરા ગ્રામ્ય–૦૨, હાલોલ–૦૭, કાલોલ–૦૪ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે.

- ૨૯ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૩૧.
- મૃત્યુ આંક - ૧૨૨.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૬ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

શહેરા પોલીસ મથકના ASI ૩૦ હજારની લાંચની રકમ સાથે ઝડપાયો

શહેરા,

શહેરા પોલીસ મથકના એ.એસ.આઈ. રૂા.૩૦ હજારની લાંચ લેતા દાહોદ એ.સી.બી. પોલીસે ઝડપી પાડતા પોલીસ વિભાગમાં હડકંપ મચી ગયો હતો.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ પંચમહાલ જીલ્લામાં અવાર–નવાર લાંચના કિસ્સા બહાર આવી રહ્યાં છે અને તેમાંય પારદર્શી કિસ્સાઓ સામે પોલીસ પણ ક્યારેક પાંગળી બની રહી છે. ગત માસએ બનેલા બનાવ બાદ તા.૩ના રોજ શહેરા પોલીસ મથકના એ.એસ.આઈ. દ્વારા વિદેશી દારૂનો ધંધો કરતા અને દેવા માટે માંગણી કરીને સામાધાન માટેની માંગણી કરી હતી. અને અવાર–નવાર માંગણી કરવા છતાં કોઈ દાદ આપવામાં આવતી ન હતી. એક જાગૃત નાગરિત તરીકે ફરજ બજાવતાં અરજદારે મહેન્દ્રસિંહ સાબતસિંહ બારીયા ઉવ.૪૦ શહેરા પોલીસ મથક અને હાલ રહેઠાણ નવી પોલીસ લાઈન શહેરા અને મૂળ વતન માતરીયા વ્યાસ તા.મોરવા, પંચમહાલ જીલ્લાએ અરજદારને વિદેશી દારૂનો ધંધો કરવા અંગે આર્થિક માંગણી કરી હતી. અવાર–નવાર આર્થિક લેવડ–દેવડ વચ્ચે કોઈ સમાધાન નહી થતાં ફરિયાદીની ફરિયાદ વચ્ચે લાંચના છટકામાં આરોપીએ ફરિયાદી પાસેથી રૂા.૩૦ હજારની લાંચની રકમ સ્વીકારી હતી તે અંગે દાહોદ એ.સી.બી દ્વારા શહેરા પોલીસ એ.એસ.આઈ.ને રંગે હાથે ઝડપીને તેની સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

તસ્વીર : તુષાર દરજી, શહેરા

ગોધરા શહેર નજીક આવેલા પોપટપુરા ખાતેના ગણેશ મંદિરે આજ રોજ સંકટ ચોથ નિમિતે ગોધરા શહેર તેમજ તાલુકાના અને બહાર ન જિલ્લાઓ માંથી ગણેશ ભકતો દાદાના દર્શનાર્થે આવ્યા હતા. ત્યારે મંદિર પરિસરમાં ભકતોએ સોશિઅલ ડિસ્ટન્સ અને માસ્ક સાથે ગણેશ દાદાના દર્શન કર્યા હતા.

ગોધરાના ધોળાકુવા ગામે જમીનમાં રસ્તાની માંગણી કરતા જાતિઅપમાનિત કરી મારમારતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકા ધોળાકુવા ગામે આવેલ જમીનમાં રસ્તાની માંગણી કરતાં ચાર ઈસમો દ્વારા દંપતિ ઉપર હુમલો કરવામાં આવ્યો. ભીલો આ જગ્યાએ રહેવા નહિ દઈએ તેમ કહી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ધોળાકુવા ગામે રહેતા મંજુલાબેન કિશનભાઈ માળી અને તેમના પતિ ઘરની બહાર બેઠા હતા. ત્યારે ૨૭ નવેમ્બરના રોજ અમારા ઘરની સામે અમારા બાપ દાદાની જમીનમાં આવેલ હોય તે જમીન વર્ષો પહેલા દિલીપ નટવરભાઈ રાવળ એ વેચાણ લીધેલ હતી. જે જમીનમા ફેન્સીંગનું કામ કરાવવા માટે ૨૭ નવેમ્બરના રોજ દિલીપ નટવરભાઈ રાવળ, અજય સુરેશભાઈ નારાયણી, જીતેન્દ્ર પ્રકાશભાઈ ક્રિષ્નાણી, પ્રકાશ તુલસીદાસ ક્રિષ્નાણી સાથે આવ્યા હતા. અને મંજુલાબેન માળીના ઘર આગળથી ફેન્સીંગ કામગીરી કરવામાં આવી હતી. જેને લઈ કિશન માળી અને મંજુલાબેન માળી એ આરોપી ઈસમોને અમારો રસ્તો બંધ થઈ જશે રસ્તા માટે જગ્યા છોડવાનું કહ્યું હતું. ત્યારે આરોપી દિલીપ એ કોઈ રસ્તો નહિ મળે તેમ કહી તે ગાળો આપવામાં આવી હતી અને અન્ય ઈસમો એ આદિવાસી ભીલો રસ્તો નહી મળે તેમ કહીને જાતિઅપમાનિત કર્યા હતા અને મારમારતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

ગોધરા તાલુકાના ઘુસર પાસે નર્મદા કેનાલના પુલ પાસે બાઈક ચાલકે અકસ્માત સર્જતા સારવાર દરમ્યાન મોત

ગોધરા,

ગોધરા તાલુકાના ઘુસર પાસે નર્મદા કેનાલના પુલ પાસે થી પસાર થતાં બાઈક ચાલકે પુરઝડપે બાઈક હંકારી લાવી અકસ્માત કરી ગંભીર ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ઘુસર ગામે નર્મદા કેનાલના પુલ પાસેથી બાઈક નંબર જીજે.૧૭. બીએફ. ૭૪૮૩ના ચાલક સમીર ભાથીભાઈ પરમાર ઉ.વ.૨૩ એ પુરઝડપે હંકારી લાવ્યો હતો. અને બાઈકને અકસ્માત સર્જતા શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. સમીર પરમારને દવા સારવાર માટે દવાખાનામાં દાખલ કરતાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.